# ડીજેએમઆઈટી મોગરનું સરાહનીય કાર્ય

આણંદ,તા.૨૦

આણંદ તાલુકાના મોગર સ્થિત ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં મિકેનિકલ શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પાર્થ કા. પટેલ જેણે છઠ્ઠા સેમેસ્ટરમાં પ્રવેશ કર્યો છે. આ વિદ્યાર્થીએ થોડા સમય પહેલાં પિતાની છત્રછાયા ગુમાવી હતી. ત્યારબાદ માતાએ પણ બંને આંખની રોશની ગુમાવતા તે પોતાના કાકાનો આશ્રિત બન્યો હતો. આ વાતની જાણ તેણે સંસ્થાના વડા રાકેશ હિંગુને કરી ટ્યુશન ફી તેમજ ટ્રાન્સપોટેશન ફી સંસ્થા માફ કરે તો તે એન્જિનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી શકે તેમ છે. આ વાતની રજૂઆત આચાર્યએ મેનેજમેન્ટના સત્તાધીશોને કરતાં સંસ્થાએ પાર્થની તમામ ફી માફ કરવાનો નિર્ણય લઈ સામાજિક જવાબદારીનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

